કપડવણજની રેલનો રોળ.

—:o:—

બનાવી પ્રસિદ્ધ કરનાર
જોશી ભૂરાભાઇ બેહેચરદાસ.

—:o:—

મુંબઈ:
જેહાં. બે. કરાણીના "સ્ટેનડર્ડ પ્રીટીગ પ્રેસમા" છાપીછે.

સન ૧૮૮૬—સંવત ૧૯૪૨.

કિમ્મત બે પૈસા.

ગ્રંથાર્પણ.

સુધારકો ને શેઠીઆ, કપડવણજ વસનાર,
લઘુ ગ્રંથ અર્પણ કરૂં, ગણી પરમ ઉપકાર.

——:0:——

ગરબી.

સખી આવેલો કારતક માસ કે કંથ સીધાવીયા. એ રાગ

આવ્યુ મોહોર નદીએ પુર દુરથી દોડતું
જેહેના વેગ તણો નહીં પાર પથરને એ ફોડતું ૧
જુઓ જેઠ પ્રતીપદા દીન ભિંન મન લોકનાં,
થયો પ્રભાતે કારમો કોપ ભર્યા મન શોકનાં. ૨
કોઇ આપાર ને પેલીપાર ધુવે નર નારીયો,
કોયે વચે સુકાવ્યાં વસ્ત્ર લેતાં લેતાં હારીયો ૩
એક બુંમ સુણી પડયો ત્રાસ નાસો નાસો સૌ કહે,
પણ લાગી ધોવાની લેહ શ્રવણે કોઇના લહે. ૪
એવે પાણી આવ્યું પુરપાર ઘાટ ડુબ્યા જ્યાહરે,
ત્યારે કરવા માંડી ડોટાડોટ વદે ત્રાહ ત્રાહરે. ૫
કોની ધોતી પોતીને પાઘ પોટલીયો તણાય છે,
તણાઇ જાતાં ચતુરાનાં ચીર ઘણું ગભરાય છે. ૬
કોય બની ગયાં બેભાંન સાંનસુધ ના રહી,
હશે હિંમતવાળા કોય આપારે આણ્યાં સહી. ૭
જોતાં પાણીનું વધિયું જોર સોર થયો સાંમટો,
મધ્યે રહી ગઇ નવ નાર અને બે બ્રાહ્મણ ભટો. ૮
એક શ્રી માળી નેબીજોમોઢ ત્રીજોતો લુહારછે,
બોબડો પેલો રહીંમતાઇ મળી નર ચારછે. ૯
હતી તંબોળીની તનયા જેહ તેહ રૂવે રાંકડી,
એક રાવળીયો ઉભો પાસ હિંમત આપે વડી.

ઊભા પ્રથક પ્રથક તે ઠાંમ હાંમ હારી ગયાં,
જાણે મરણ આવ્યું આ દીશ દીલે દુખિયાં થયાં ૧૧
ચડે ઊંચા પથરપર આપ તાપ લાગે તંનમાં.
જેના ફટકી ગયાછે પ્રાંણ શોચે ઘણું મંનમાં ૧૨
બેઠા માથે ઓઢી માહારાજ લુહારની સંગમાં,
તાપે બળવા લાગી કાય પાંણી રેડે અંગમાં. ૧૩
સઉના બાંધ્યા પડીકે પ્રાણ તાણ જળની બહુ,
ચાલી બુમ ગાંમની માંહે વારેતો ધાયા સહુ, ૧૪
મળી વરણ અઢાર તે ઠાંમ જોવાને કારણે.
દેખી અબળાના આક્રંદ હૈયું નારે' ધારણે. ૧૫
સુણી વાત આવ્યા અમલદાર ગંગાજીના ઘાટમાં,
ઓઢી છતરી ફરે આંમતેમ અતીશે ઊચાટમાં. ૧૬
જઇ તારાચંદે કહી વાત શેઠાંણીને જ્યાહરે,
દયા દીલધરી અમૃતબાઇ સૈયદનેકે' ત્યાહરે, ૧૭
જાઓ સૈયદ ઝટપટ આપ તાપ સઉના હરો,
જેમ ઉગરે જીવ તે ઠાંમ ઉપાય એવો કરો, ૧૮
રાખી હામને કરજો કાંમ દાંમથી ડરશો નહી,
ખરચો મનગમતું દાંમ પાછા પગ ભરશો નહી. ૧૯
એવું સુણી ચાલ્યા તતકાળ સૈયદ સઊ સાથમાં,
સોંપી શેઠાંણીએ એહ સતા જેના હાથમાં. ૨૦
તીરે ઉભા ટગટગ જોય કોઇનુ ચાલે નહી,
એવે આવ્યા સૈયદ તે ઠાંમ દારા દીઠી પુર મહીં, ૨૧
જોઇ દારાના દુખ અપાર દયા દીલમાં ધરી.
પડે પુરમાં તેને દેઊ દાંમ વાંણીતો વદયા ખરી. ૨૨
લોક કહેવા લાગ્યા ધન્ય ધન્ય સૈયદ માતતાતને,
જેણે જનમ્યા પુત્ર રતંન ઉગારે આ ઘાતને. ૨૩
ભાગે દુખીયાંના દુખ આજ કાજ પુન્યનાં કરે,
થાય ગરીબના બેલી આપ સંકટ સઉના હરે. ૨૪

મંગાવ્યા છે રૂપઇયા શેઠ લોકમાં લૈ આ:વીયા,
સૌએ જોયા નજરે તેહ હીંમત ઊરલાવીયા. ૨૫
દેછે સૈયદ સર્વને હાંમ કાંમ કરો તન દઇ,
આપું મેહેનત બદલો એહ સંદેહ તેમાં નહીં. ૨૬
સુણી હુસેનભાઇની વાત આવ્યા લોક શૂરમાં,
તજી વસ્ત્ર ભીડયાછે કછ પડયા પછી પુરમાં. ૨૭
લાગે પથરની બહુ બીક ઠીક ફાવે નહી.
નવ ચાલે એકે ઊપાય ઘુંચાયા માંહો મહીં; ૨૮
કરે પુરમાં પ્રાંણી પોકાર આંખે આંસુ ધારરે,
કેહેછે કરગરતાં જોડી હાથ ઊગારો આ વારરે. ૨૯

રાગ મરશીયો.

એજી ઓય હાયરે રેલે તો રોળજ વાળ્યો
રેલે તો રોળજ વાળ્યો એણે હરખ હૈયાનો ટાળ્યો. એજીઃ ટેક;
એક અબળા તે પુરમાં તણાઇ,
તેને લેવા પડયો રહીંમતાઇ,
ઝાડ બાવળની પાસે જઇ સાહી. જીઓ. ૧
ઝાલિ ઊંચા પથર પે ચડાવિ,
આપી ધીરજ ને સમજાવી,
ઊભા લુહારણની જોડે આવી. જીઓ. ૨
લુહારણની કેડમાં છે બાળા,
જપે મનમાં પ્રભુનીએ માળા,
હવે ઊગારો વૈકુંઠ વાળા. જીઓ. ૩
આપે હિંમત બોબડો રેમતાઇ,
સાનમાં કેહે ગભરાશો ન બાઇ,
ત્યારે જરા થયાં સુખ દાઇ. જીઓ.
એક ઠામે લુહાર બ્રહ્મચારી,
બીજે ઠાંમે બેઠીછે છ નારી,
ત્રીજે ઠાંમે છોડીને દુખ ભારી. જીઓ.

ફરયા પોતાની પ્યારીને લેવા,
લેણું લેતાં થઇ જતા ના દેવા,
તણાતાં કુવે અચકયાછે કેવા. જીઓ. ૬
ભારે ચિંતામાં ભટજી તો પેઠા,
કુવા પર લમણે હાથ દેઇ બેઠા,
ભાવસારો હતા તેથી હેઠા. જીઓ. ૭
ગાંસડીયો પેલી પારે ઊતારી,
કાંઠે ઊભાં જુએ નર નારી,
વદે ઇશ્વર લેજો ઊગારી. જીઓ. ૮
ઓબાળા પાંણીમાં બહુ આવે,
ઘણા સરપ તણાતા જણાવે,
દેખી દારા ઘણું ગભરાવે. જીઓ. ૯
વોરા જીઆફ્ત કરતા સતરસાઇ,
તેની જણશો ગઇછે તણાઇ,
દોડાદોડ કરે લોટીયા ભાઇ. જીઓ. ૧૦
ફીકો કાદરીયો ને સરફુલો,
ઇશમાલ ઇભરાંમ ને અબદુલો,
થાએ કેડેથી ઇજાર ખુલો. જીઓ. ૧૧
ખાંણું પકાવતા ચાલ્યા ઊઠી,
દોડે જે જ્યાં તે ત્યાં વાળી મુઠી,
આજે નદી છીનાળની રૂઠી. જીઓ. ૧૨
માત રૂવેછે પુત્ર સંભાળી,
ઘેર છઇયાં રૂવે આંસુ ઢાળી,
દુખ ભારી તે વીયોગવાળી. જીઓ. ૧૩
મર્દ બેઠા છે હીંમત હારી,
લોક દેછે ધીરજ ધારી ધારી;
ઘણા જોખમમાં લલ્લુની નારી. જીઓ ૧૪
લોક બ્રહ્મચારી સામું જુવે,
ઘડીમાં બેસે ઊઠે ને સુવે;
છોડી તંબોળીની ઘણું રૂવે. જીઓ. ૧૫

જોવા દોડી દોડી લોક જાતા,
દીન દારા દેખિ દુખી થાતા;
ઘણું કોપ્યા છે મહુઅર માતા. જીઓ. ૧૬
મળ્યાં માણસ ટોળે હજારો,
સારો લાગતો ગારદી આરો;
થયો આજે એ દુખ દેનારો. જીઓ. ૧૭
ઘણો થાય છે શોર બકોર,
મંગાવ્યા સૈયદે મોહોટા દોર;
પણ પાંણીનું ઝાઝું છે જોર. જીઓ. ૧૮
દોર લઇ તુળશી આરેથી પડીયા,
સામી પાર જઇને તે અડીયા;
દોર મધ્યેથીતો તડતડીયા. જીઓ. ૧૯
દોર લાંબો તેથી નવ ખુટયો,
ઘણું તાંણે પણ જાએ વછુટયો;
પાણી મધ્યમાં એ દોર તુટયો. જીઓ. ૨૦
પછી ગોળો લેઇ ગયા પાર,
ઊતરવાને એ નર નાર;
લાગ્યા કરવાને મનમાં વિચાર. જીઓ. ૨૧
લિંબ ઝાડે બાંધ્યો દોર જ્યારે,
મધ્યે ઝાલી ઊભા દશબારે;
પછી ગોળો લાવ્યા છે તે હારે. જીઓ. ૨૨
સઊની પેહેલાં ઊતારી એ છોડી,
બીજીવારની બાંમણી બોડી;
ત્રીજીવારની વાણીયણ જોડી. જીઓ. ૨૩
ખાંધે ભરવ્યા છે ઝોળીને ઝુંડા,
જાંણે પીલવા ઊઠયા મલડંડા;
બીહે બાળક દેખી પ્રચંડા. જીઓ. ૨૪
બ્રહ્મચારી ઊતર્યા ધરી દોર,
મારે તરફડીયાં જણવે છે જોર;
દેખી લોક હસે ઠોર ઠોર જીઓ. ૨૫

સ્રીયો શરમ મરજાદ ન છોડે,
દેખી ગોળો આધી પાછી દોડે,
પછી ઊતારૂ વળગે જઇ કાંડે. જીઓ. ૨૬
નહી લજ્જા તણું એતો ઠામ,
મુકે શરમ તેનું થાએ કામ,
ખુશી થઇ જાએ પોતાને ધામ. જીઓ. ૨૭
શીર છેડો ઊતારે ન બાંધે,
મર્દ કછ ભીડાવી કેડ બાંધે,
પછે ગોળાની સંગમાં નાંધે. જીઓ. ૨૮
ઊતર્યાં એકેકે પેલી પાર,
આવ્યા જીવમાં જીવ તે વારં,
ઘણો છોટુ સીપાઇ હોંશીયાર. જીઓ. ૨૯
ચાલ્યા લુહારણ બ્રામણી લેવા,
દસ પંદર જણા જંમજેવા.
કરે પાંણીમાં ઉપાય કેવા. જીઓ. ૩૦
પાંણી તાણમાં છોટુરે સુતો,
દસબાર જણે ઝાલ્યો હુતો.
એના જેવો એકેનર નોતો, જીઓ ૩૧
એના અંગ ઉપર સ્રીયો ચાલી.
આવી ગોળા પાસે ગુંણુવાળી,
કેડકછ ભીડી ગોળી ઝાલી. જીઓ. ૩૨
એવો છોટુ શીપાઇછે સારો,
એણે જીવીને જીવ ઊગાર્યો.
મર્દ મુંન્સીપાલનો પટાવાળો, જીઓ. ૩૩
મોટી અંમૃતબાઇની મેહેર.
જાંણી પરમારથની પેર,
થઇ સરવેને લીલારે લેહેર. જીઓ. ૩૪
પોતે જીવ દયા પ્રતીપાળ,
તજી માયાતણી મોહજાળ.
જપે જૈન પ્રભુની એ માળ, જીઓ. ૩૫

રંકપામરની પીડાને કાપે.
શેઠાંણીના કારભારી આપે,
બચ્યાજીવ અંમૃત બાઇ પ્રતાપે. જીઓ. ૩૬

આપ્યું ઇનામ મેહેનત પ્રમાણે,
વેહેંચ્યા સાઠ રૂપૈયા સઉ જાણે.
શાણા સૈયદને બહુ વખાણે, જીઓ. ૩૭

ધંન્ય મેહેરવાંનજીના જાયા.
જણાયાછે દુનીયાંમાં ડાહયા,
માંન આપે મોટા મોટા રાયા. જીઓ. ૩૮

રહો અમર હુશેંનદાદાભાઇ.
કર્યો લોકને બહુ સુખદાઇ,
બીના કપડવણજની ગાઇ. જીઓ. ૩૯

રંકભૂરો આશ્રીતછે તમારો,
કરીકરૂણાને કષ્ટ નીવારો.
દુખ દરીએ ડુબતાંને તારો, જીઓ. ૪૦

દુહો.

રચના રચવા રેલની નોહોતું મારૂં મંન.
પણ માસ્તરે બોલાવીને કહ્યુંમને એક દંન, ૧

લલ્લુભાઇ કેહે રેલની કરો કવીતા બેશ.
માટે મારા મન વીશે તુર્ત વસ્યો ઉપદેશ, ૨

પ્રથમ રાગછે ગરબીનો પછે મરશીયો જાણ.
બે રાગે પૂરણકરી ભૂરે પરોવી પ્રાણ. ૩

સમાપ્ત.